૩૪ વર્ષ બાદ પ્રેતાત્માના ડરે ખૂલ્યું હત્યાનું રહસ્ય, કૂવામાંથી મળ્યો સ્ત્રીનો કંકાલ

અમદાવાદના વટવામાં પત્નીની હત્યા કરી ઘરના જ કૂવામાં દાટી દીધી હતી

આત્મા હેરાન કરતો હોવાના ડરમાં તાંત્રિક વિધિઓ કરાવી

આ દરમિયાન વાતો બહાર આવી અને ક્રાઈમ બ્રાંચ તપાસમાં લાગી

અમદાવાદ: અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાં ૩૪ વર્ષ પહેલાં આચરવામાં આવેલા એક સનસનાટીભર્યા હત્યાકાંડનો ભેદ ઉકેલાયો છે. ૧૯૯૨માં થયેલી આ હત્યાનો પર્દાફાશ કોઈ ફિલ્મી વાર્તાથી ઓછો નથી. વટવાના કુટુંબ નગર ચોક પાસે આવેલા એક મકાનના કૂવાને ખોદીને ક્રાઈમ બ્રાન્ચે મહિલાના અવશેષો બહાર કાઢતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

વર્ષ ૧૯૯૨માં ફરઝાના ઉર્ફે શબનમ નામની મહિલાની હત્યા કરવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે આ હત્યા 'ક્રાઈમ ઓફ પેશન' એટલે કે લગ્નેતર સંબંધોની શંકા અથવા વિવાદને કારણે કરવામાં આવી હતી. મુખ્ય આરોપી શમશુદ્દીને પોતાની પત્નીની હત્યા કર્યા બાદ લાશને બહાર ક્યાંય ફેંકવાને બદલે ઘરના જ કૂવામાં દાટી દીધી હતી અને ઉપરથી કૂવો પૂરી દીધો હતો. આ ગુપ્ત ગુનો છેલ્લા ત્રણ દાયકાથી તે જ ઘરની નીચે દબાયેલો રહ્યો હતો. મુખ્ય આરોપી શમશુદ્દીનનું અત્યારે કુદરતી રીતે અવસાન થઈ ચૂક્યું છે. જોકે, આ ગુનામાં તેને મદદ કરનાર અન્ય સહ આરોપીઓ અને સાક્ષીઓને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધા છે અને તેમની ઊંડાણપૂર્વક પૂછપરછ હાથ ધરી છે. ૩૪ વર્ષ જૂના આ કેસના પર્દાફાશે સાબિત કરી દીધું છે કે 'પાપ ક્યારેય છુપાયેલું રહેતું નથી'. અંધશ્રદ્ધા કે પ્રેતાત્મા- આત્માના ડરે કે ભ્રમે આખરે એક જઘન્ય અપરાધનું સત્ય બહાર લાવી દીધું છે. હાલમાં પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે આટલા વર્ષો સુધી પરિવારના અન્ય કયા સભ્યોને આ વાતની જાણ હતી.

'પ્રેતાત્મા'નો ડર અને તાંત્રિક વિધિએ ખોલ્યું રહસ્ય

આટલા વર્ષો સુધી આ રહસ્ય અકબંધ રહેવા પાછળનું કારણ આરોપીનો ડર હતો, પરંતુ કુદરતનો ન્યાય અનોખો હોય છે. મળતી માહિતી મુજબ, આરોપી શમશુદ્દીનના પરિવારના સભ્યોને છેલ્લા કેટલાક સમયથી ઘરમાં કોઈ ' પ્રેતાત્માનો આભાસ' થવા લાગ્યો હતો. પરિવારને સતત એવું લાગતું હતું કે મૃતક ફરઝાનાનો આત્મા ત્યાં જ ઘરમાં જ છે અને તેમને હેરાન કરી રહ્યો છે. આ માનસિક તણાવ અને ડરમાંથી મુક્તિ મેળવવા માટે પરિવારે ભુવા અને તાંત્રિક વિધિઓનો સહારો લીધો હતો. આ વિધિઓ દરમિયાન જ હત્યાની વાત ભૂલેચૂકે બહાર આવી ગઈ અને આ કડીઓ ક્રાઈમ બ્રાન્ચના કાને પહોચી ગઈ હતી.

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક્શન અને તપાસ

મહિલાની હત્યા કરાઈ છે અને તેણીના પ્રેતાત્માથી રક્ષણ મેળવવા ઘરમાં વિધિ ચાલી રહી છે તેવી ચોક્કસ બાતમી મળતા જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ એક્શનમાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમે મેજિસ્ટ્રેટ અને એફએસએલ (FSL) ની ટીમને સાથે રાખી વટવાના કુટુંબ નગર ચોક સ્થિત મકાનમાં ખોદકામ શરૂ કર્યું હતું. કૂવામાંથી નરકંકાલના અવશેષો અને અન્ય પુરાવાઓ એકત્ર કરવામાં આવ્યા છે.

રાજકોટમાં ૨૦ લાખની લાંચ લેવામાં CGST સુપરિન્ટેન્ડે ઝડપાયા

જીએસટી ચોરી, ખોટા બિલોની પતાવટમાં લાંચ માંગી હતી

લાંચ લેતા ટેક્સ કન્સલ્ટન્ટ પણ એસીબીનાં સકંજામાં

ગાંધીનગર: લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB)એ રાજકોટમાં એક મોટી કાર્યવાહી કરતાં સેન્ટ્રલ જીએસટી (CGST)ના સુપરિટેન્ડન્ટ અને એક ખાનગી ટેક્સ કન્સલ્ટન્ટને ૨૦ લાખ રૂપિયાની મસમોટી લાંચ લેતાં રંગેહાથ ઝડપી પાડ્યા છે. જીએસટી ચોરી અને ખોટા બિલોના કેસમાં પતાવટ કરવા માટે આ લાંચ માંગવામાં આવી હતી.

આ કેસની ટૂંકમાં વિગત મુજબ, એક વેપારી વિરુદ્ધ CGST કચેરીમાં જીએસટી ન ભરવા અને ખોટા બિલો બનાવવા બાબતે અરજી થઈ હતી. આ અરજીની પતાવટ કરવા અને મોટો કેસ ન કરવાના બદલામાં CGST ડિવિઝન-૧, રેન્જ-૫ ના સુપરિટેન્ડન્ટ મુકેશકુમાર મનબોધ્ધ કુમાર (ઉં.વ.૪૩) એ ફરિયાદી પાસે શરૂઆતમાં ૨૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી. લાંબી રકઝક અને વાતચીતના અંતે ૨૦ લાખ રૂપિયામાં સોદો નક્કી થયો હતો. સુપરિટેન્ડન્ટ મુકેશકુમારે આ રકમ રાજકોટના ટેક્સ કન્સલ્ટન્ટ આકાશ રમેશભાઈ ક્લોલીયા (ઉં.વ.૩૩) ને આપી દેવા માટે જણાવ્યું હતું. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે એસીબીની ટીમે રાજકોટના એસ.ટી. બસ સ્ટેશન પાછળ આવેલા ક્રીએટીવ કોમ્પ્લેક્સ ખાતે છટકું ગોઠવ્યું હતું. ટ્રેપ દરમિયાન, સુપરિટેન્ડન્ટ વતી ટેક્સ કન્સલ્ટન્ટ આકાશ ક્લોલીયાએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચના રૂ.૨૦,૦૦,૦૦૦ સ્વીકારતા જ એસીબીએ તેને દબોચી લીધા હતા. ત્યારબાદ મુખ્ય સૂત્રધાર મુકેશકુમારની પણ ધરપકડ કરવામાં આવી છે. એસીબીએ લાંચની પૂરેપૂરી રકમ રિકવર કરી બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધરપકડ કરાયેલા આરોપીઓ

મુકેશકુમાર મનબોધ્ધ કુમાર - સુપરિટેન્ડન્ટ, CGST, રાજકોટ.
આકાશ રમેશભાઇ કલોલીયા - ટેક્સ કન્સલ્ટન્ટ (ખાનગી વ્યક્તિ)

રાજ્યમાં હીટવેવથી જનજીવન પ્રભાવિત, રાજકોટમાં 44 ડિગ્રી

આગામી 3 દિવસમાં ગરમીથી આંશિક રાહતની શક્યતા

અમદાવાદ: ગુજરાતમાં ઉનાળાનો પ્રકોપ સતત વધી રહ્યો છે, જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારો ગરમીમાં શેકાઈ રહ્યા છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજકોટમાં રાજ્યનું સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. ગુજરાતમાં ઉનાળાનો પ્રકોપ યથાવત રહેતા અનેક શહેરોમાં તાપમાન 40 ડિ.સે. પાર પહોંચી ગયું છે. સૌથી વધુ ગરમી રાજકોટમાં 44 ડિ.સે. નોંધાઈ છે, જેના કારણે લોકોને ભારે ઉકળાટનો સામનો કરવો પડી રહ્યો છે. બપોરના 12 સાંજના છ વાગ્યા સુધી મહાનગરનો રાજમાર્ગો પર કામ વિના લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના વિવિધ શહેરોમાં કાળઝાળ ગરમી નોંધાઈ હતી, જેમાં રાજકોટ ૪૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. આ ઉપરાંત અમરેલી, સુરેન્દ્રનગર, અમદાવાદ અને ગાંધીનગરમાં પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચ્યો હતો, જ્યારે વડોદરા અને ડીસામાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અન્ય શહેરોની વાત કરીએ તો કંડલા એરપોર્ટ અને વલ્લભ વિદ્યાનગરમાં ૪૧ ડિગ્રી, ભૂજ, ભાવનગર તથા કેશોદમાં ૪૦ ડિગ્રી અને કંડલા પોર્ટ પર ૩૯ ડિગ્રી તાપમાન રહ્યું હતું. નલિયામાં ૩૮ ડિગ્રી અને દમણમાં ૩૭ ડિગ્રી સામે સુરત, પોરબંદર અને મહુવામાં પારો ૩૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો. આમ, રાજ્યના મોટાભાગના આંતરિક વિસ્તારોમાં ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળ્યો હતો. હવામાન વિભાગની નવી આગાહી મુજબ, આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ક્રમશઃ ઘટાડો થવાની શક્યતા છે, જેનાથી નાગરિકોને કાળઝાળ ગરમીમાંથી આંશિક રાહત મળી શકે છે. હાલમાં ઉત્તર પાકિસ્તાન અને તેની આસપાસના જમ્મુ-કાશ્મીર ક્ષેત્રમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયું છે, જે સાયક્લોનિક સર્ક્યુલેશન તરીકે સક્રિય છે. આ સિસ્ટમની અસર અને નીચલા સ્તરે ફૂંકાતા પશ્ચિમી પવનને કારણે તાપમાનમાં આ ફેરફાર જોવા મળશે.

યુએઈ દ્વારા OPECનો ત્યાગ કરવામાં આવ્યો તેનાથી ભારતને આર્થિક ફાયદો થશે

ઈરાન યુદ્ધને કારણે વિશ્વ ઊર્જા સંકટનો સામનો કરી રહ્યું છે ત્યારે સંયુક્ત આરબ અમીરાત (UAE) એ OPEC અને OPEC+ માંથી ખસી જવાની જાહેરાત કરી છે. UAE લાંબા સમયથી OPEC દ્વારા ખનિજ તેલના ઉત્પાદન પર લાદવામાં આવેલા પ્રતિબંધોથી પરેશાન છે. જો કે, સાઉદી અરેબિયા સાથે ચાલી રહેલા વિવાદોને કારણે તેણે OPEC અને OPEC+ છોડવાનો નિર્ણય લીધો છે. આ બંને દેશો અનેક મોરચે એકબીજા સામે ટકરાઈ રહ્યા છે. સાઉદી અરેબિયાએ UAE પર તેની સુરક્ષા માટે ગંભીર ખતરો ઊભો કરવાનો આરોપ પણ લગાવ્યો છે. આનાથી વૈશ્વિક તેલસંકટ વધુ ખરાબ થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે, જેની અસર ભારત પર પડી શકે છે. દરમિયાન, UAEના આ નિર્ણયને ગલ્ફના દેશોમાં તિરાડ તરીકે જોવામાં આવી રહ્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ લાંબા સમયથી ઓપેકની ટીકા કરી રહ્યા છે, જે તેલના ભાવમાં પોતાની મરજી મુજબના ફેરફારો કરે છે. થોડા દિવસો પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ગલ્ફના દેશોને સુરક્ષા પૂરી પાડે છે, પરંતુ ઓપેક દેશો ઉત્પાદન ઘટાડીને ઊંચા ભાવે તેલ વેચે છે. ડોનાલ્ડ ટ્રમ્પ ઓપેકના આ એકાધિકારને તોડવા માંગતા હતા, જેથી ખનિજ તેલનું બજાર મુક્ત થઈ શકે. થોડા દિવસો પહેલાં ટ્રમ્પે તો ધમકી પણ આપી હતી કે જો ગલ્ફના દેશો અમેરિકાથી સુરક્ષા ઇચ્છે છે, તો તેમણે ઓપેકથી દૂર રહેવું પડશે. UAEના આ નિર્ણયને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક મોટી જીત માનવામાં આવી રહી છે, જેઓ લાંબા સમયથી OPEC ને વિભાજીત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. OPEC એ સાઉદી અરેબિયા અને રશિયા દ્વારા પ્રભુત્વ ધરાવતું સંગઠન હતું અને તેઓ બધું જ નક્કી કરતા હતા. યુએઈનો આ નિર્ણય સાઉદી અરેબિયાના વર્ચસ્વને સીધો પડકાર આપે છે. યુએઈના રાષ્ટ્રપતિના સલાહકાર અનવર ગર્ગાશે જે રીતે ઈરાની હુમલાઓ પર અન્ય આરબ દેશોના નબળા વલણની ટીકા કરી હતી, તે સ્પષ્ટપણે દર્શાવે છે કે અબુ ધાબી હવે તેની સુરક્ષા અને આર્થિક હિતો જાળવવા માટે વોશિંગ્ટનની નજીક જઈ રહ્યું છે.

ભારત તેની ક્રુડ ઓઇલની જરૂરિયાતના લગભગ ૮૫ ટકાની આયાત કરે છે. OPEC છોડ્યા પછી UAE હવે ઉત્પાદન ક્વોટાનાં નિયંત્રણોથી મુક્ત છે. તાજેતરનાં વર્ષોમાં UAE એ તેની તેલ ઉત્પાદનક્ષમતા વધારવા માટે અબજો ડોલરનું રોકાણ કર્યું છે. હવે તે કોઈ પણ પ્રતિબંધ વિના ઉત્પાદન મહત્તમ કરી શકશે. જ્યારે બજારમાં વધુ UAE તેલ ઉપલબ્ધ થશે અને માંગ ઘટશે, ત્યારે કાચા તેલના ભાવો ઘટશે. ભારત માટે ખનિજ તેમના ભાવમાં પ્રતિ બેરલ ૫થી ૧૦ ડોલરનો ઘટાડો પણ અબજો રૂપિયાના ફાયદામાં પરિણમશે. અત્યાર સુધી, ભારતને તેલ ખરીદવા માટે OPECના કડક નિયમો અને સાઉદી અરેબિયાની આગેવાની હેઠળની વ્યૂહરચના પર આધાર રાખવો પડતો હતો. OPECમાંથી UAEનું બહાર નીકળવું ભારત માટે એક લાભકારક તક રજૂ કરે છે. હવે ભારત UAE સાથે સીધા લાંબા ગાળાના અને ડિસ્કાઉન્ટેડ તેલ માટે કરાર કરી શકે છે. ભારત પાસે હવે રશિયા કે અન્ય દેશો પર આધાર રાખવાને બદલે તેના જૂના અને વિશ્વસનીય મિત્ર યુએઈ પાસેથી વધુ ખનિજ તેલ મેળવવાનો વિકલ્પ રહેશે. યુએઈ ભારતનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે અને તેલ ક્ષેત્રમાં આ નવી સ્વતંત્રતા બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જશે.

જો યુએઈ બજારમાં વધુ તેલ વેચશે તો વૈશ્વિક પુરવઠો વધશે, જેનાથી કિંમત પર દબાણ આવશે. આ દબાણ રશિયા માટે હાનિકારક હોઈ શકે છે, જે ઊંચા ભાવો પર આધાર રાખે છે. ઈરાન, જે પહેલાંથી જ પ્રતિબંધો હેઠળ છે, તેને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. જો કે, રશિયા જેવા બિન-OPEC દેશોને પણ ઉત્પાદન વધારવા માટે વધુ સ્વતંત્રતા મળશે. OPEC માંથી UAE ના બહાર નીકળવાથી ગલ્ફમાં ખનિજ તેલના રાજકારણનો માર્ગ સંપૂર્ણપણે બદલાઈ જશે. અત્યાર સુધી સાઉદી અરેબિયા તેલના ઉત્પાદનને નિયંત્રિત કરીને OPEC દ્વારા આગેવાની રાખતું હતું. UAE ના બહાર નીકળવાથી સાઉદીનું આ નિયંત્રણ નબળું પડશે અને નાના ઉત્પાદક દેશોને વધુ સ્વતંત્રતા મળશે. UAE તેની ક્ષમતા વધારીને બજાર હિસ્સો મેળવવાનો પ્રયાસ કરશે, જે સાઉદી અરેબિયા સાથે સ્પર્ધાને વધુ તીવ્ર બનાવી શકે છે અને પાવર ગેમ બદલી શકે છે.

આ નિર્ણયની બજાર પર તાત્કાલિક અસર પડશે. તેલના ભાવ મુખ્યત્વે બ્રેન્ટ ક્રુડ જેવા વૈશ્વિક બેન્ચમાર્ક દ્વારા નક્કી થાય છે, જે ભૂરાજનીતિ અને વેપારથી પ્રભાવિત હોય છે. જો UAE OPEC ની બહાર નીકળીને ખનિજ તેલનું વધુ ઉત્પાદન કરે તો પુરવઠો વધશે, જે સંભવિત રીતે કિંમત પર દબાણ લાવશે. જો ભૂરાજકીય તણાવ વધે અથવા અન્ય દેશો ઉત્પાદનમાં ઘટાડો કરે, તો તેની અસર મર્યાદિત હોઈ શકે છે. UAEનો નિર્ણય ભાવમાં અસ્થિરતા વધારી શકે છે, પરંતુ તે એકલું ભાવ નક્કી કરશે નહીં. ઓપેકની એકતામાં ભંગાણ દુનિયા માટે બહુ મોટી ઘટના છે.

ગલ્ફમાં ખનિજ તેલનું ઉત્પાદન કરતાં દેશોનું ઓપેક સંગઠન ૧૯૬૦ માં સ્થપાયેલ છે. તેમાં સાઉદી અરેબિયા, ઇરાક, ઈરાન અને કુવૈત જેવા દેશોનો સમાવેશ થાય છે. તેની પ્રાથમિક ભૂમિકા વિશ્વના તેલ પુરવઠાને નિયંત્રિત કરવાની છે જેથી ભાવ સ્થિર રહે. OPEC+ નામનું નવું જોડાણ OPECના દેશો દ્વારા રશિયા જેવા મુખ્ય તેલ ઉત્પાદકો સાથે મળીને ૨૦૧૬ માં બનાવવામાં આવ્યું હતું, જ્યારે તેલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હતો. આ દેશો વિશ્વના તેલ ઉત્પાદનમાં આશરે ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. જ્યારે આ દેશો ઉત્પાદન ઘટાડે છે, ત્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધે છે.

ઈરાન યુદ્ધે ખાડી દેશો માટે ખનિજ તેલની નિકાસ પહેલાંથી મુશ્કેલ બનાવી દીધી છે. વિશ્વના લગભગ ૨૦ ટકા ક્રુડ ઓઈલ અને લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG) ઓમાન અને ઈરાન વચ્ચે સ્થિત હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. ઈરાન તરફથી ધમકીઓ અને જહાજો પરના હુમલાઓને કારણે આ સપ્લાય ચેઇન ખોરવાઈ ગઈ છે. આ અસ્થિરતા વચ્ચે OPEC માંથી UAE ના ખસી જવાથી ખનિજ તેલના બજારમાં વધુ અનિશ્ચિતતા ઊભી થઈ શકે છે. UAE લાંબા સમયથી OPEC નું સભ્ય રહ્યું છે. પહેલાં ૧૯૬૭માં અબુ ધાબી દ્વારા અને પછી ૧૯૭૧માં જ્યારે યુએઈ સ્વતંત્ર દેશ બન્યો ત્યારથી તે ઓપેકનું સભ્ય છે. યુએઈ મધ્ય પૂર્વમાં તેની વિદેશ નીતિનો લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યું છે, જેના કારણે સાઉદી અરેબિયા સાથે હિતોનો સંઘર્ષ થયો છે. આ સંઘર્ષ ત્યારે શરૂ થયો જ્યારે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને સાઉદી અરેબિયામાં વિદેશી રોકાણ આકર્ષવાનું શરૂ કર્યું, જેને યુએઈએ તેના વર્ચસ્વ માટે સીધા પડકાર તરીકે જોયું હતું.

સાઉદી અરેબિયા OPEC પર પ્રભુત્વ ધરાવે છે. તેના પ્રભાવનો ઉપયોગ કરીને સાઉદી અરેબિયાએ OPEC દેશો પાસેથી ઉત્પાદન ઘટાડવાની નીતિ માટે મંજૂરી મેળવી હતી. વધુમાં, બંને દેશો યમન અને સુદાનમાં લશ્કરી સંઘર્ષોમાં સામેલ છે અને પ્રાદેશિક નેતૃત્વ માટે સ્પર્ધા કરી રહ્યા છે. યુએઈએ તેની તેલ ઉત્પાદનક્ષમતા વધારવા માટે અબજો ડોલરનું રોકાણ કર્યું છે. જો કે, ઓપેક દ્વારા લાદવામાં આવેલા ઉત્પાદનકાપ પ્રતિબંધોને કારણે તે તેની ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ કરી શકતું નથી. આ તેની આવકની સંભાવનાને ઘટાડી રહ્યું છે, જેને તે વધુ તેલ વેચીને વધારવાનો પ્રયાસ કરી રહ્યું હતું. તાજેતરના આંકડાઓ અનુસાર યુએઈ દરરોજ લગભગ ૨૯ લાખ બેરલ તેલનું ઉત્પાદન કરે છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી તેની ઉત્પાદનક્ષમતા પર અસર પડી છે. UAE પાસે હાલમાં પ્રતિ દિવસ ૪૮.૫ લાખ બેરલ ઉત્પાદનની ક્ષમતા છે. ૨૦૨૭ સુધીમાં ૫૦ લાખ બેરલ પ્રતિ દિવસ સુધી પહોંચવાનું તેનું લક્ષ્ય છે. OPEC માંથી બહાર નીકળ્યા પછી UAE હવે કોઈ પણ ક્વોટા કે પ્રતિબંધો વિના તેની સંપૂર્ણ ક્ષમતા સુધી ખનિજ તેલનું ઉત્પાદન કરી શકશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

દૃષ્ટિ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

UAEના આ નિર્ણયને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક મોટી જીત માનવામાં આવી રહી છે, જેઓ લાંબા સમયથી OPEC ને વિભાજીત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે

BUSINESS મિત્ર

રોકાણકારોની સંપતિમાં રૂ. 1.96 લાખ કરોડની વૃદ્ધિ, FMCG અને ઓટો સેક્ટરમાં જોરદાર લેવાલી

સેન્સેક્સ 609 પોઈન્ટ વધ્યો, નિફ્ટી 24,150ને પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 29: વીકલી એક્સપાયરીના પગલે ભારતીય શેરબજારમાં ભારે ઉથલપાથલ રહી હતી, પણ આજે નવેસરથી લેવાલીએ શેરબજારમાં તેજીનો દોર આગળ વધ્યો હતો. આજે સેન્સેક્સમાં 609 પોઈન્ટ ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટીએ 24150 પોઈન્ટની સપાટી કુદાવી હતી. જોકે, આજે શરૂઆત તેજી જોવા મળી હતી, પણ પાછળથી રફતાર ધીમી પડી હતી, પરંતુ છેલ્લે પોઝિટિવ બંધ રહ્યા હતા. જેના પરિણામે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 1.96 લાખ કરોડની વૃદ્ધિ થઈ હતી.

આજે શરૂઆતથી જ શેરબજારમાં પોઝિટિવ વલણ જોવાયું હતું, જે ગત સેશનના બંધ ભાવથી 1100 પોઈન્ટ જેટલો ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટી 339 પોઈન્ટ વધી હતી, પરંતુ ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળાના કાણે બજારમાં ઉપલા સ્તરેથી થોડોક ઘટાડો રહ્યો હતો. ક્રુડ ઓઈલના ભાવ 115 ડોલર પહોંચી જતાં તેજીવાળાઓ હળવા થતા જોવાયા હતા, પણ છેલ્લે બજાર પોઝિટિવ બંધ રહ્યું હતું.

સેક્ટર વાઇઝ જોઈએ તો આજે મીડિયા, ફાઈનાન્સીયલ સર્વિસીસ, પીએસયુ બેન્ક, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં ઘટાડો જોવાયો હતો. જ્યારે સૌથી વધુ એફએમસીજી અને ઓટો સેકટરમાં તેજી જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 609.45 પોઈન્ટ એટલે કે 0.79 ટકા વધીને 77496.36 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77982 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77136 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 181.95 પોઈન્ટ એટલે કે 0.76 ટકા વધીને 24177.65 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી ઉંચામાં 24334 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24059 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 3.25 પોઈન્ટ સુધરીને 55403.60 પોઈન્ટના સ્તરે સપાટ બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે સ્ટાર હેલ્થ એન્ડ એલાઇડ ઈન્સ્યોરેન્સ કંપનીમાં 20.65 ગણા, સીયાટ લિ.માં 13.76 ગણા, વેલસ્પન કોર્પમાં 7.06 ગણા, ગાર્ડન રીચ શીપબિલ્ડર્સમાં 5.08 ગણા અને ઈન્દ્રપ્રસ્થ ગેસમાં 4.7 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટેનેકો ક્લીન એર ઈન્ડિયામાં 34.21 ગણા, સેફાયર ફુડસ લિ.માં 20.69 ગણા, સીયાટ લિ.માં 19.73 ગણા, સ્ટાર હેલ્થ એન્ડ એલાઇડ ઈન્સ્યોરેન્સ લિ.માં 14.99 ગણા અને બંધન બેન્કમાં 12.34 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટ સપાટ રહ્યા હતા. આજે લાર્જકેપ શેરોએ સુંદર પ્રદર્શન કર્યુ હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.01 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.54 ટકા ઘ્ટયો હતો. જોકે, માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઇ ખાતે 2122 શેરો વધ્યા હતા, જ્યારે 2110 શેરો ઘટયા હતા અને 177 શેર યથાવત રહ્યા હતા.

નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 1.75 ટકા વધ્યો હતો, જેમાં આઈટીસી, રેડીકો ખૈતાન, ટાટા કન્ઝ્યુમર, ડાબર, એચયુએલ, બ્રિટાનીયા, ઈમામી, વરૂણ બેવરેજીસ અને કોગલેટ પામોલીવ વધ્યા હતા, જ્યારે યુનાઈટેડ સ્પીરીટ, યુનાઈટેડ બ્રેવરેજીસ અને મેરીકો ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે મીડલ ઈસ્ટ તણાવના બદલે રોકાણકારો કોર્પોરેટ કમાણી પર નજર ફેરવી છે, ઓપેક ઓઈલ કાર્ટેલમાથી યુએઈ નીકળી જવાના નિર્ણયની અસર વૈશ્વિક બજારોમાં જોવા મળી હતી. આજે મોટા ભાગના એશિયન બજારો સુધર્યા હતા, જ્યારે યુરોપિયન બજાર નીચા ખુલ્યા હતા. મીડલ ઈસ્ટ તણાવના બદલે સેન્ટ્રલ બેન્કોની બેઠક તથા કોર્પોરેટ પરિણામો અને મેક્રો ઈકોનોમી ડેટા ઉપર રોકાણકારોની નજર મંડરાયેલી રહી છે. જ્યારે યુએઈ ઓપેકમાંથી બહાર નીકળી રહ્યું હોવાથી તેની શું ઈમ્પેક્ટ પડશે તે જોવાનું રહેશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.80 ટકા, કેક 0.24 ટકા અને ડેક્સ 0.08 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.03 ટકા, સ્ટ્રેઈટસ 0.55 ટકા, તાઈવાન 0.56 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 1.57 ટકા, કોસ્પી 0.75 ટકા, જકાર્તા 0.41 ટકા અને શાંઘાઈ 0.70 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

ડોલરની 95 તરફ આગેકૂચ

કરન્સી બજારમાં ક્રુડ ઓઇલના ઉભરાતા ભાવોની સીધી અસર રૂપિયા પર પડી રહી છે અને વધુને વધુ નબળો પડતો જોવા મળી રહ્યો છે, ફરી એકવાર ડોલર 95 તરફ આગેકૂચ કરતો જોવા મળ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 29 પૈસા તૂટીને 94.85ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.56ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 11.57, પાઉન્ડ 128.16, કેનેડિયન ડોલર 69.22, ઓસ્ટ્રેલિયન ડોલર 68.28, જાપાનીઝ યેન 0.5933, સીંગાપોર ડોલર 74.09ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.85 રૂ.
યુરો	111.57 રૂ.
પાઉન્ડ	128.16 રૂ.
યેન	0.5933 રૂ.

સેન્સેક્સ	609.45	77496.36
નિફ્ટી	181.95	24177.65
બેન્ક નિફ્ટી	3.25	55403.60

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇટીસી	3.88	316.25
ટેક મહિન્દ્રા	3.67	1459.80
મારૂતિ સુઝુકી	2.83	13257.00
કોલ ઇન્ડિયા	2.76	479.90
રિલાયન્સ ઇન્ડ.	2.63	1425.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ એવીએશન	2.19	4345.20
ડો. રેડ્ડીઝ લેબ	1.83	1329.80
એનટીપીસી	1.36	401.30
ICICI બેન્ક	0.85	1281.00
બજાજ ફિનસર્વ	0.83	1764.20

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇટીસી	3.86	316.20
ટેક મહિન્દ્રા	3.14	1453.35
મારૂતિ સુઝુકી	2.82	13255.00
રિલાયન્સ ઇન્ડ.	2.68	1426.15
ભારતી એરટેલ	2.30	1887.95

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	2.36	4340.00
એનટીપીસી	1.33	401.55
બજાજ ફિનસર્વ	0.85	1764.40
ICICI બેન્ક	0.83	1281.00
એશિયન પેઇન્ટસ	0.62	2447.40

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.				
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૪.૫	૭૫/૩૬ ''	૧૩૨	-----	---
૩૦/૩૬ એફડી	૨૭૨	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૩
લોકલ		૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૭
૬૮/૩૬	૧૪૦	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૩	૧૦૦ ટેક્ષ	૧૩૪	૬૮ ક્રિમ્પ	૧૪૧
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ રોટો	૧૩૮.૫	૭૫ ક્રિમ્પ	૧૩૮
૮૦/૭૨ રોટો.	૧૩૬.૫	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૯	૮૦/૭૨ રોટો	૧૩૮
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
		૮૦/૧૦૮ ''	૧૩૬	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૭

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૦૦	કોપરેલ	૫૩૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૭૫	સનફલાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૫૦	તલતેલ	૫૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૦૦	દિવેલ	૨૪૭૦
કપાસીયા (૫ લિ.)	૮૫૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૪૦૦
એમ-30	૪૩૫૦
એસ-30	૪૨૫૦
ગુજરાત	
એમ-30	૪૨૫૦
એસ-30	૪૧૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૨૪૦૦
તેજાબી સોનું	૧૫૨૩૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૪૭૮૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૯૩૫૦
સોનાનાં બિસ્કીટ	૧૫૨૪૦૦૦
ચાંદી (૯૯૯)	૨૪૨૧૦૦
ચાંદી સિક્કા	૨૪૩૬૦૦

સોના-ચાંદીમાં શરૂઆતી વધારો ક્રુડ અને ડોલરના ભાવ ઉછળતા ઓસરી ગયો

ફેડ રિઝર્વની બેઠક પહેલા સોના-ચાંદીના ભાવમાં કરન્ટ

નવી દિલ્હી, તા. 29: યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજદરના નિર્ણય પહેલા સોના અને ચાંદીના ભાવમાં મજબૂતી જોવા મળી હતી, જોકે બંને કિંમતી ધાતુઓએ મર્યાદિત રેન્જમાં વેપાર કરવાનું ચાલુ રાખ્યું હતું. જોકે, ક્રુડના ભાવમાં ઉછાળો આવતા તેની પાછળ ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી અને ફરી એકવાર 95 તરફ ઐતિહાસિક સપાટી તરફ આગેકૂચ કરતો જોવા મળ્યો હતો, જેના પરિણામે સોના-ચાંદીના ભાવ વધ્યા હતા, તે ઓસરી ગયા હતા અને ફરીથી લાલ નિશાનમાં જોવા મળ્યા હતા. જ્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટની સમસ્યા ઉકેલાશે નહીં ત્યાં સુધી ક્રુડના ભાવમાં ઉછાળો ચાલુ રહેવાની સંભાવના છે અને તેની સીધી અસર કોમોડિટીઝ પર પડી શકે છે.

એમસીએક્સ પર, 5 જૂનની ડિલિવરી માટે સોનું 693 રૂપિયા એટલે કે 0.46 ટકા વધીને 1,50,720 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર ખુલ્યું હતું, જે અગાઉના સત્રમાં 1,50,027 રૂપિયા હતું. જો કે, ટ્રેડ દરમિયાન, તે પણ થોડો નરમ પડ્યો હતો. ટ્રેડિંગ સેશન દરમિયાન સોનું 1,49,720 રૂપિયાની નીચી સપાટીથી 1,51,527 રૂપિયાની ઊંચી સપાટીએ પહોંચ્યું હતું, જે બજારમાં ચાલી રહેલી અસ્થિરતા દર્શાવે છે.

તે જ સમયે, 3 જુલાઈએ ડિલિવરી માટે ચાંદી 826 રૂપિયા એટલે કે 0.34 ટકા વધીને 2,43,589 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ખુલી હતી, જે અગાઉના સત્રમાં 2,42,763 રૂપિયા હતી. આ દરમ્યાન, ચાંદી 1393 રૂપિયા એટલે કે 0.6 ટકા વધીને 2,38,738 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ કરી રહી હતી. આ સત્ર દરમિયાન ચાંદી રૂ. 2,37,607 અને રૂ. 2,38,750ની ઊંચી સપાટીએ નોંધાઇ હતી. આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ બંને કિંમતી ધાતુઓમાં થોડો વધારો થયો હતો. વૈશ્વિક સ્તરે કોમેક્સમાં સોનું 0.19 ટકા વધીને 4616 ડોલર પ્રતિ ઔંસ અને ચાંદી 0.81 ટકા વધીને 73.81 ડોલર પ્રતિ ઔંસ થઇ ગઇ છે. બજાર નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, એમસીએક્સ પર સોના માટે 1,50,000 રૂપિયાથી 1,51,000 રૂપિયાનું સ્તર મુખ્ય પ્રતિકાર છે. જો ભાવ આ સ્તરથી ઉપર રહેશે તો તે 1,52,000 રૂપિયાથી વધીને 1,53,000 રૂપિયા થઇ શકે છે. તે જ સમયે, જો તે 1,49,000 રૂપિયાથી નીચે સરકી જાય તો પ્રોફિટ બુકિંગ વધી શકે છે. 2,44,000 થી 2,46,000 રૂપિયાના સ્તરને ચાંદીનો સૌથી નજીકનો પ્રતિકાર માનવામાં આવે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે જો ભાવ 2,43,000 રૂપિયાથી નીચે જાય તો તે વધુ ઘટી શકે છે, જ્યારે જો ઉપલા સ્તરને પાર કરવામાં આવે તો રિકવરી શક્ય છે.

ભારત-ચીન વેપારમાં ચિંતાજનક વળાંક

5 વર્ષમાં વેપાર ખાધ 155% વધીને $112 બિલિયનને પાર

નિકાસમાં ઘટાડો અને ઔદ્યોગિક આયાતમાં ચીન પર નિર્ભરતા વધતા ભારતીય અર્થતંત્ર સામે પડકાર

મુંબઈ, તા. 29: ભારત અને ચીન વચ્ચેના વેપાર સંબંધો હાલમાં એકતરફી બની રહ્યા છે, જે દેશની આર્થિક સ્થિરતા માટે ચિંતાનો વિષય છે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GTRI) ના તાજેતરના અહેવાલ મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં ભારતની ચીન સાથેની વેપાર ખાધમાં 155% નો તોતિંગ વધારો થયો છે. નાણાકીય વર્ષ 2021 માં આ ખાધ $44 બિલિયન હતી, જે નાણાકીય વર્ષ 2026 માં વધીને $112.1 બિલિયન પર પહોંચી ગઈ છે.

નાણાકીય વર્ષ 2021 માં ભારતની ચીન ખાતેની નિકાસ $21.2 બિલિયન હતી, જે 2026 માં ઘટીને $19.5 બિલિયન થઈ છે. તેની સામે આયાત $65.2 બિલિયનથી બમણી થઈને $131.6 બિલિયન પર પહોંચી છે. ભારતની કુલ આયાતમાં ચીનનો હિસ્સો 16% છે, પરંતુ ઔદ્યોગિક માલસામાનમાં આ હિસ્સો 30.8% જેટલો ઊંચો છે. ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ, મશીનરી અને રસાયણો જેવા મુખ્ય ક્ષેત્રોમાં ભારતની 40% થી વધુ આયાત માત્ર ચીનથી થાય છે.

ભારતીય મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ હાલમાં EV બેટરી, સોલર મોડ્યુલ અને API જેવા મહત્વના ઈનપુટ્સ માટે ચીન પર નિર્ભર છે. આ જોખમને ઘટાડવા માટે અહેવાલમાં ભલામણ કરવામાં આવી છે કે ફાર્મા, ઈલેક્ટ્રોનિક્સ અને ક્લીન એનર્જી જેવા સંવેદનશીલ ક્ષેત્રોમાં કોઈપણ એક દેશ પરની આયાત નિર્ભરતા 30% થી વધવી જોઈએ નહીં. સપ્લાય ચેઈનમાં વિવિધતા લાવી સ્થાનિક ઉત્પાદન ક્ષમતા વધારવી હવે અનિવાર્ય બની ગઈ છે.

જેમ જેમ ભારત ચીન પર રોકાણને લાગતા પ્રતિબંધો હળવા કરશે તેમ, ચીની ઓટોમેકર્સ લોકલ એસેમ્બલી દ્વારા વિસ્તરણ કરશે અને જો ટેરિફ ઘટશે તો ઈવી આયાતમાં વધારો કરશે.